# દાંતીવાડા પોલીસે બોલાવ્યો સપાટો

## મહિન્દ્રા પીકઅપ ડાલામાંથી ઝડપ્યો ૨ લાખ રૂપિયાનો દારૂ : એકની અટકાયત







દાંતીવાડા, તા. ૧૦

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક તરૂણ દુગ્ગલ તથા ડીસા નાયબ પોલીસ અધિક્ષક પી.એચ. ચૌધરીની જિલ્લામાં દારૂ-જુગારની પ્રવૃત્તિ નેસ્તનાબુદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા દાંતીવાડા એ.આર. ચૌધરી પોલીસ સબ ઈન્સ્પેક્ટર તથા સ્ટાફના એ.એસ.આઈ. અફઝલહુસૈન, એએસઆઈ હિન્દુજી જેઠાજી, હેડ કોન્સ્ટેબલ કરમશીભાઈ, હેડ કોન્સ્ટેબલ સિકંદરખાન વગેરે પોલીસ સ્ટાફના માણસો દાંતીવાડા ત્રણ રસ્તા વાહન ચેકીંગમાં હતા તે દરમિયાન દારૂ ભરેલી ગાડી આવી રહી હોવાની બાતમી મળી હતી.

પાંથાવાડા તરફથી એક સફેદ કલરનું મહિન્દ્રા પીકઅપ ડાલુ નં. જીજે.૦૫.એટી.૬૪૩૯ જેમાં ખાખી પુંઠાઓ ભરેલ છે જેની નીચે વિદેશી દારૂની પેટીઓ સંતાડવામાં આવી હતી. ગાડીને નાકાબંધી કરી રોકાવી ચાલકનું નામ પુછતા પોતે પોતાનું નામ દિનેશકુમાર કેશારામ જાતે વાદી ઉ.વ. ૨૦ રહે. શીવાડા, તા. સાંચોર, મુળ રહે. કારાવડી, તા. સાંચોર (રાજસ્થાન)ના હોવાનું જણાવ્યું હતું.

ગાડી ચેક કરતા ગાડીમાંથી પાર્ટી સ્પેશિયલ ડિલક્સ વ્હિસ્કીની પેટીઓ નંગ-૬૦, કુલ બોટલો નંગ- ૭૨૦ જેની કિંમત રૂપિયા ૨,૮૮,૦૦૦ તથા મહિન્દ્રા પીકઅપ ડાલુ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦ એમ કુલ મુદ્દામાલ કિંમત રૂપિયા ૪,૮૮,૦૦૦ મળી આવતા પકડાઈ ગયેલ આરોપી દિનેશકુમાર કેશારામના વિરૂદ્ધમાં દાંતીવાડા પો.સ્ટે. પ્રોહિબિશન એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

# અરવલ્લી જીલ્લામાં ઈદે મિલાદ પર્વની ધામધુમથી ઉજવણી



મોડાસા, તા. ૧૦

ઈસ્લામ ધર્મના અંતિમ પયંગમ્બર હઝરત મહંમદ મુસ્તુફા (સ.અ.વ.)ના જન્મદિવસ જશ્ને ઈદે મિલાદ પર્વની મોડાસા શહેર, માલપુર નગર સહિત જિલ્લાભરમાં રવિવારે ધામધુમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પર્વ નિમિત્તે જિલ્લાના મોડાસા, માલપુર, ટીંટોઈ, મેઘરજ, બાયડ સહીત અન્ય ગામોમાં પણ ભવ્યાતિભવ્ય ઈદેમિલાદના જુલુસ નીકળ્યા હતા. ઈદેમિલાદ પર્વને લઈને મુસ્લીમ બિરાદરોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. પર્વને લઈને જિલ્લાના વિવિધ મુસ્લીમ વિસ્તારોને રોશનીથી શણગારવામાં આવ્યા છે. જિલ્લાના વિવિધ સ્થળોએ નીકળનાર જુલુસને લઈને જિલ્લા પોલીસ તંત્ર દ્વારા જુલુસના રૂટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો.

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મોહમ્મદ પયગમ્બર સાહેબના જન્મદિવસ ઈદે-મિલાદની ઉજવણી ભારે ધામધૂમ અને ઉલ્લાસપૂર્વક કરવામાં આવી હતી. ઈદે-મિલાદની ઉજવણીને પગલે તમામ મસ્જિદો અને દરગાહોને રોશનીથી શણગારવામાં આવી હતી. ઉજવણી પર્વે મોડાસા શહેરમાં ભવ્ય ધાર્મિક જુલૂસમાં જિલ્લાના મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ડીસામાં કોમી એકતાના માહોલમાં ઈદે મિલાદની ભવ્ય ઉજવણી



ડીસા, તા. ૧૦

સમગ્ર વિશ્વની માનવજાત માટે રહેમત બની એકતા, પ્રેમ, અને ભાઈચારાનો ઉપદેશ આપનાર ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મોહમદ પયગમ્બર સાહેબ ના જન્મદિવસની યાદમાં આજરોજ ગવાડીમાં અખ્ખર ચોકથી ભવ્ય ઝુલુસનો પ્રારંભ સૈયદ અખ્તરઅલી બાવાએ લિલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ ઝુલુસમાં ઊંટ સવાર, રિક્ષાઓ, ગાડીઓ તથા મક્કા મદીનાના નકશીકામવાળી લારીઓ તથા હજ્જારોની સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાઈને જશ્નને વિલાદતની ઉજવણી કરી હતી. મરહબા મરહબા હુઝુરકી આમદ મરહબા જેવા વિવિધ સૂત્રો પોકારી હઝરત મોહમદ પયગમ્બર સાહેબની જન્મની ઉજવણી કરી હતી. આ પ્રસંગે ઠેર ઠેર હિન્દુ ભાઈઓએ ઝુલુસ ઉપર ફૂલ વર્ષા કરી કોમી એકતાના દર્શન કરાવ્યા હતા. આ પ્રસંગે હઝરત સૈયદ મહમદઅલી બાવા તથા હઝરત સૈયદ હસન અલી બાવાએ જણાવ્યું કે હઝરત મોહમદ પયગમ્બર સાહેબે આપેલા નવ ગુણો જીવનમાં ઉતારી એક અને નેક બનવા જણાવ્યું હતું. આ પ્રસંગે ઝુલુસ અખખરચોકથી મીરા મોહલલા થઈ જૂની પોલીસ લાઈન થઈ ભગવતી થઈ લેખરાજ ચાર રસ્તા ડોલીવાસ થઈ રામજી મંદિર થઈ મીરમોહલા થઈ રાજપુર થઈ પરત અખખર ચોક પરત ફર્યું હતું ઠેર ઠેર સૈયદ અખ્તર અલી બાવાતથા સૈયદ મોહમદઅલી બાવા તથા હસનઅલી બાવા નું મુસ્લિમોએ સ્વાગત કર્યું હતું. આ ઝુલુસ નાના બાળકો નવીન ડ્રેસ અને હાથમાં ઝડી અને મુખ પર નાત શરીફ પઢતા આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ડોલીવાસ રાજપુર પોલીસ ચોકી તથા ખારા કુવા પાસે નિયાઝ અને પાણીની બોટલ અને ચોકલેટ અને બિસ્કિટ વેહચતા યુવાનો નજરે પડ્યા હતા.

### ગુજરાતની ટીમ તરફથી હિમાચલ પ્રદેશ ખાતે

# મોડાસાનો અરમાન ટેબલ ટેનિસ નેશનલ ગેમ્સ રમશે



મોડાસા, તા. ૧૦

ભારતની નેશનલ રમત આમ તો હોકી છે પરંતુ રમતગમત ક્ષેત્રે ક્રિકેટ વધુ લોકપ્રિય ખેલ બની ચુક્યો છે પરંતુ અરવલ્લી જિલ્લામાં નેશનલ રમત એટલે કે હોકીના સારું એવું પ્રભુત્વ ધરાવતા ખેલાડીઓ જોવા મળે છે. પરંતુ ટેબલ ટેનિસ જેવી રમતમાં પોતાની આગવી છાપ ધરાવતો જુનિયર કેટેગરીનો ખેલાડી અરમાન શેખ ટેબલ ટેનિસમાં હવે ધીરે ધીરે પોતાની કારકિર્દી આગળ ધપાવી રહ્યો છે.

૮ વર્ષની નજીવી ઉંમરથી ત્રીજા ધોરણથી ટેબલ ટેનિસમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. એક ગરીબ પરિવારમાંથી આવતા અરમાન શેખના પિતા મિકેનિકનું કામ કરતા હતા. બીમારીના કારણે નાની ઉંમરમાં જ અરમાને પિતાની છત્ર છાયા ગુમાવી છે. ત્યારે હાલ તેના કાકા અરમાનની કારકિર્દીને સફળ બનાવવા મહેનત કરી રહ્યા છે. ટેબલ ટેનિસમાં વાત કરવામાં આવે તો અરમાને તેના જીવનની પ્રથમ ટુર્નામેન્ટ વર્ષ ૨૦૧૪-૧૫માં ખેલમહાકુંભથી શરૂઆત કરી હતી. જેમાં સારો દેખાવ કર્યો હતો.

# પ્રાંતિજમાં ઈદે મિલાદ પર્વની દબદબાભેર ઉજવણી

## મુસ્લિમ વિસ્તારો મસ્જીદો રોશનીથી શણગારવામાં આવ્યા હતા : પ્રાંતિજના વિસ્તારોમાંથી શાંતિ-શિસ્ત રીતે ઝુલુસ નિકળ્યું



પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતાં મુસ્લીમ બિરાદરો દ્વારા ઈસ્લામ ધર્મના સ્થાપક હઝરત મંહમ્બદ પયગમ્બર સાહેબના જન્મ દિનની ઈદે મિલાદ પર્વ નિમિત્તે મસ્જીદો તથા મુસ્લિમ વિસ્તારોમાં રોશનીથી શણગારવામાં આવ્યા હતા અને મુસ્લિમ બિરાદરો અને ઝુલુસ કમીટી દ્વારા પ્રાંતિજના મુસ્લિમ વિસ્તારો સહિત બજારમાં જુલુસ કાઢવામાં આવ્યું હતું જેમાં અલ્લાહને દુઆઓ કરી પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

પ્રાંતિજમાં ઈદે મિલાદ પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બે દિવસ પહેલાથી જ મુસ્લિમ વિસ્તારોમાં તથા મસ્જીદો ઉપર રંગબેરંગી રોશની કરવામાં આવી હતી અને ઠેર-ઠેર પાણીની પરબ તથા દૂધની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ઈદે મિલાદ પર્વ નિમિત્તે બારકોડ, પઠાવાડા વગેરે વિસ્તારોમાંથી મુસ્લિમ બિરાદરો તથા ઝુલુસ કમીટી દ્વારા પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં જુલુસ કાઢવામાં આવ્યું હતું જેમાં એક્તા શાંતિ અને ભાઈચારો બની રહે તે માટે મુસ્લીમ બિરાદરો દ્વારા અલ્લાહને દુઆઓ કરવામાં આવી હતી અને શાંતિ-શિસ્ત રીતે પ્રાંતિજના વિવિધ માર્ગો ઉપરથી શાંતિપૂર્વક જુલુસ પસાર થયું હતું જયારે જુલુસના માર્ગો ઉપર ધર્મપ્રેમી લોકો દ્વારા દૂધ કોલ્ડ્રીંગ, આઈસ્ક્રીમ, ઠંડા પીણા સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રાંતિજ પીઆઈ ડી.એમ. ચંપાવત દ્વારા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચુસ્ત પોલીસ બદોબદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

### નવતર અભિગમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ અત્યંત સંવેદનશીલ નિર્ણય સરકારે પ્રયોગાત્મક નહિ પણ ટ્યુશન પ્રથાના દૂષણમાંથી બાળકને છોડાવવાની સાથે સાથે ગ્રામીણ વિસ્તારના અંતરિયાળ વિસ્તારમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી નબળો રહે નહિ તેનો ખ્યાલ સાથે અપનાવાયેલો અભિગમ છે.

ગુજરાતમાં મળેલા આ સારા પ્રતિસાદ પછી તેના વિસ્તાર માટેની પણ વિચારણા ચાલી રહી હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

### ગણતરીમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સિવાય આપણે આવી બીજી બાબત કે જે સામાજિક વિકાસ સાથે સંકળાયેલ છે તે જોઈએ તો તે છે શૌચાલયની. ગાંધીનગરના ગ્રામીણ પરિવારો પૈકી ૪૦૧૩૯ પરિવારોના ઘર પરિસરમાં શૌચાલયની સુવિધા જ નથી. આવા પરિવારના સ્ત્રી અને પુરુષને કુદરતી હાજત અર્થે ઘરની નજીક કે ઘરથી દૂરના સ્થળે જવું પડે છે. સ્વચ્છ્તા એટલે ઘર કે ચોક-વરંડાની જ સફાઈ નહીં પરંતુ કુદરતી હાજતના કારણે ફેલાતી અસ્વચ્છતા દૂર કરવી એ પણ જરૂરી છે, તાકીદ અગત્યની જરૂરીયાત છે. નવા વર્ષે આશા રાખીએ સરકારના સંબંધિત વિભાગો આ બાબતે તત્પરતા દાખવી અને નક્કર પરિણામ ગ્રામીણ ગાંધીનગરને આપે.

### ભાજપનો ઈન્કાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવશે. હજુ સુધી શિવસેના તરફથી અમને કોઈપણ પ્રસ્તાવ મળ્યા નથી પરંતુ શરદ પવાર કહી ચુક્યા છે કે, અંતિમ નિર્ણય કોંગ્રેસ અને એનસીપી મળીને રહેશે. ૧૨મી નવેમ્બરના દિવસે એનસીપીના ધારાસભ્યોની બેઠક યોજાનાર છે. જો શિવસેના સમર્થન લેવા ઈચ્છે છે તો તેને જાહેરાત કરવી પડશે કે તેને હવે ભાજપ સાથે કોઈ પણ પ્રકારના સંબંધ નથી. તેમને એનડીએમાંથી બહાર આવવાની જાહેરાત પણ કરવી પડશે. સાથે સાથે કેન્દ્રમાં શિવસેનાના તમામ મંત્રીઓને રાજીનામુ આપવા માટે પણ કહેવું પડશે. ભાજપ દ્વારા અગાઉ સરકાર બનાવવા રાજ્યપાલ સમક્ષ વાત કરી હતી પરંતુ શિવસેનાએ કઠોર વલણ અપનાવ્યું છે જેથી મામલો આગળ વધી શક્યો નથી.

### ક્યારે સજા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મસ્જિદ હિંસાના મામલામાં હજુ પણ લખનૌમાં સીબીઆઈની ખાસ અદાલતમાં મામલો પેન્ડિંગ રહેલો છે. ખાસ સીબીઆઈ કોર્ટે પુરાવા અને સાક્ષીઓને રજૂ કરવા માટે છેલ્લી તારીખ ૨૪મી ડિસેમ્બરની નક્કી કરી છે. આવી સ્થિતિમાં આ અપરાધિક મામલામાં ચુકાદો એપ્રિલ ૨૦૨૦ સુધી આવી શકે છે. કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીએ પણ ટ્વિટ કરીને કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો આપી દીધો છે. કોર્ટના ચુકાદાનું તમામ લોકો સન્માન કરે છે. દિગ્વિજયસિંહના નિવેદનથી એક નવો વિવાદ છેડાઈ જવાની સંભાવના દેખાઈ રહી છે.

# ગણપત યુનિવર્સિટી ખાતે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘનું અધિવેશન યોજાયું

## ગુણવત્તા યુક્ત શિક્ષણ આપવાનું કાર્ય શિક્ષકોનું છે : ભૈયાજી જોષી- સર કાર્યવાહક આર.એસ.એસ

મહેસાણા, તા. ૧૦

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા આયોજીત ૭ મું રાષ્ટ્રીય અધિવિશેન કાર્યક્રમનો




સમાપન સમારોહ યોજવામાં આવ્યો હતો. સમાપન સમારોહમાં સંઘ દ્વારા વિવિધ ત્રણ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યા હતા. જેમાં શિક્ષણ અને શિક્ષકોની સમસ્યાઓનું નિરાકરણ, પર્યાવરણ-સંરક્ષણ માટે એક સાથે કામ કરવું અને શિક્ષણમાં પૂજ્ય મહાત્મા ગાંધીજીના વિચારોનો સમાવેશ કરવાનો થાય છે.

૧૯૮૮ થી પ્રગટેલી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના યજ્ઞની જ્યોતને પ્રજ્વલીત કરવા માટે દર ત્રણ વર્ષે રાષ્ટ્રીય અધિવેશન યોજવામાં આવે છે. આ વર્ષે ગણપત યુનિ ખેરવા ખાતે ૮ નવેમ્બરથી ૧૦ નવેમ્બર દરમિયાન આ અધિવેશન યોજાયુ હતું. આ રાષ્ટ્રીય અધિવેશનમાં સમગ્ર રાષ્ટ્રભરના ૨૫૦૦ જેટલા શિક્ષકો ઉપસ્થિત રહી શિક્ષણ માટે ચિંતન અને મંથન કર્યુ હતું જેમાં 'નારી ભારતીય દષ્ટી અને ભવિષ્ય વિષય' 'ભારતીય સંગીતમાં શિક્ષા અને સ્વાસ્થય' સહિત પર્યાવરણ સંકટ જીવસુષ્ટી અને જનજીવન' જેવા મહત્વના વિષયો પર ચિંતન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં આર. એસ. એસના સર કાર્યવાહક ભૈયાજી જોષીએ જણાવ્યું હતું કે દેશમાં પરિવર્તન થઈ રહ્યું છે. શિક્ષણ અને આરોગ્યની સેવાઓ માટે લોકો દેશમાં આવી રહ્યા છે જેના થકી રાષ્ટ્ર ગૌરવાવિંત થઈ રહ્યો છે.દેશને આજે સ્પીડઅપ ઈન્ડિયાના સુત્ર સાથે આગળ વધવાનું છે.

સર કાર્યવાહક ભૈયાજી જોષીએ ઉમેર્યું હતું કે આજની યુવા પેઢી દેશને પરમ વૈભવની દિશામાં આગળ લઈ જાય તે પ્રકારનું શિક્ષણ શિક્ષકો દ્વારા અપાવવું જોઈએ. શિક્ષણ જાણકારી અને જ્ઞાનનો ભંડાર બનવું જોઈ તેમ જણાવી વ્યક્તિ વિકાસ ઉપર ખાસ ભાર મૂક્યો હતો.

માનવ વિકાસ સંશાધન મંત્રી રમેશ પોખરીયાલે જણાવ્યું હતું કે ભારત દેશમાં ૧૬ લાખથી વધુ શાળાઓ, ૧ કરોડથી વધુ શિક્ષકગણ અને ૩૩ કરોડથી વધારે વિદ્યાર્થીઓનો દેશ છે. નવા ભારતના નિર્માણ માટે સશક્ત ભારત, સ્વચ્છ ભારત, સમૃધ્ધ ભારત થકી એક ભારત-શ્રેષ્ઠ ભારતના ધ્યેય સાથે આગળ વધવા મંત્રીએ અપીલ કરી હતી.

મંત્રીએ ઉમેર્યું હતું કે દેશમાં નવી શિક્ષણ નિતી આવી રહી છે. નવી શિક્ષણ નિતીમાં જમીન ઉપર રહીને આકાશને આંબવાની શક્તિ હશે જેના થકી દેશ વિશ્વ ગુરૂ બનવા તરફ પહેલ કરશે.

### અતિતની આજ

● ચોથા પાનાનું ચાલુ

કોંગ્રેસની કે અપક્ષની હતી'', એવી દલીલ કરવામાં પાવરધો છે. લોકસભાની ૨૦૧૯ની ચૂંટણી કમને લડેલા થરાદના ભાજપી ધારાસભ્ય અને રાજ્ય સરકારમાં રાજ્યમંત્રી રહેલા પરબત પટેલે ત્રાગું કર્યું હતું કે મારા દીકરા શૈલેશને અથવા હું કહું એને ધારાસભાની ટિકિટ આપો તો હું લોકસભા લડું. બનાસકાંઠા લોકસભા બેઠક પર પરબતભાઈ એમના જ સમાજના ઢચુપચુ ઉમેદવાર અને ડેરીના રાજકારણમાં શંકર ચૌધરીએ જેમને પછડાટ આપી હતી એ કોંગ્રેસના પરથીભાઈ ભટોળ સામે જીત્યા. એમાં પણ શંકર ચૌધરીનો ઘણો મોટો હાથ રહ્યો. એ વેળા પોતાના માટે વિધાનસભાની બેઠક ખાલી કરાવીને પેટા ચૂંટણીમાં જીતીને ફરી ગુજરાતમાં મંત્રી થવાની શંકર ચૌધરીની હોંશ હતી. ઉમેદવાર થવા કોંગ્રેસમાં આવેલા બનાસ ડેરીના ચેરમેન રહેલા પરથીભાઈ હાર્યા એટલે ભાજપના પૂર્વ ધારાસભ્ય એવા એમના પુત્ર વસંત ભટોળે પણ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું. રાધનપુરના કોંગ્રેસી ધારાસભ્ય અલ્પેશ ઠાકોરને પણ શંકરભાઈએ સાધીને ભાજપમાં ભેળવ્યા. એટલે રાધનપુર અને થરાદ બંનેને પેટાચૂંટણીમાં પોતાનો ક્યાંક તો મેળ પડે. ખેરાળુના ધારાસભ્ય ભરત ડાભી પાટણ લોકસભા બેઠક જીત્યા એટલે ખેરાળુ પણ ખાલી પડી. બનાસકાંઠામાં બનાસ ડેરી અને બનાસ બેંક પર પોતાનો કબજો ધરાવતા શંકરલાલ ખેરાળુ બેઠક માટે પણ પ્રયત્ન કરતા રહ્યા. ક્યારેક નરેન્દ્ર મોદીના માનસપુત્ર ગણાતા શંકર ચૌધરીને ત્રણેયમાંથી એકેય બેઠક પર ટિકિટ ના મળી. ગુજરાતની વિધાનસભાની પેટા ચૂંટણી માટેની છ બેઠકોમાંથી વડાપ્રધાન મોદીએ એકમાત્ર અમરાઈવાડી બેઠક માટે જગદીશ પટેલનું નામ આપ્યું અને બાકીના પાંચને ભાજપી ઉમેદવારી મેળવવામાં પક્ષના અધ્યક્ષ અમિત શાહની કૃપા ફળી હતી. શંકરભાઈ ગઈ વખતે ડિસેમ્બર ૨૦૧૭માં પોતાને મુખ્યમંત્રી પદના ઉમેદવાર લેખાવવામાં ખત્તાં ખાઈ ગયા. કોંગ્રેસનાં ગેનીબહેન ઠાકોર સામે વાવ બેઠક હારી ગયા હતા. ગેનીબહેનને બનાસ ડેરીના રાજકારણે જીતાડવામાં સહયોગ કર્યો. શંકર વિરુદ્ધ પરથીની રમત અહીં કળા કરી ગઈ હતી.

ચૌધરી રાજકારણ પતાવાયું

અગાઉ ભાજપમાંથી શંકરસિંહ વાઘેલા સાથે ખજુરાહોવાળી કરવામાં રહેલા ગુજરાત સરકારના મંત્રી વિપુલ ચૌધરીને મહેસાણાની દૂધસાગર ડેરીના કથિત ૧૨૦૦ કરોડ રૂપિયાના કૌભાંડમાં ફસાવીને એમની રાજકીય કારકિર્દી પૂરી કરવાના પ્રયાસો થયા. હજુ વિપુલે ભાજપની ખેરાળુની બેઠક માટે ભાજપમાંથી ટિકિટ માંગી,પણ એ અપાઈ નહીં એટલું જ નહીં કોંગ્રેસે પણ ખેરાળુના મુકેશ દેસાઈ-ચૌધરીને પણ ટિકિટ આપી નહીં. ભાજપે આ વખતે ખેરાળુ બેઠક શંકરજી ઓખાજી ઠાકોરના ડભોડા પરિવારમાં આપવાને બદલે મલેકપુરના સંઘનિષ્ઠ એવા અજમલજી ઠાકોરને આપી. અજમલજી જીત્યા, પણ શંકરલાલનો ખેરાળુનો ફેરો ફોગટ ગયો.રાધનપુર બેઠક પર ભાજપ પોતાના ઉમેદવારની જાહેરાત કરે એ પહેલાં અલ્પેશે ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો એટલે શંકર ચૌધરી અહીં પણ બહાર થયા. કોંગ્રેસે અહીં રઘુ દેસાઈ-રબારીને ટિકિટ આપી અને એ જીત્યા. અલ્પેશને પરાજિત કરવામાં ભાજપના જ ઘણાએ રસ લીધો. થરાદની બેઠક શૈલેશને તો ના અપાઈ પણ શંકરલાલનું પત્તું અહીં પણ કપાયું. ક્યારેક પરબતભાઈને બેંકમાંથી રાજીનામું અપાવીને રાજકારણમાં જોડનાર ચૌધરી પરિવારના જ જીવરાજ પટેલ આ વખતે ભાજપના ઉમેદવાર હતા. એ હાર્યા. નવાઈ તો એ વાતની હતી કે મારવાડી આંજણા પટેલ સમાજના કોંગ્રેસી નેતા માવજી પટેલને ભાજપમાં લવાયા પછી પણ પરબતભાઈ અને શંકરલાલના ચૌધરી સમાજના સૌથી વધુ મત ધરાવતી આ બેઠક પર કોંગ્રેસના ગુલાબ સિંહ રાજપૂત જીત્યા. ગુલાબસિંહના દાદા હેમાજી રાજપૂત અહીંથી બે વાર વિધાનસભામાં ચૂંટાયેલા છે. નવાઈ એ વાતની છે કે કોંગ્રેસના બંને ઉમેદવારોને કોંગ્રેસનાં અધ્યક્ષા સોનિયા ગાંધીના વિશ્વાસુ અહમદ પટેલે આગ્રહ કરીને મૂકાવ્યા હતા અને બંને જીત્યા. બાયડ બેઠક પર પક્ષપલટુ ધવલસિંહ ઝાલાને ભાજપે ટિકિટ તો આપી,પણ એની સામેના રોષને પરિણામે કોંગ્રેસના અહીંના ઉમેદવાર જશુ પટેલ ભલે ૭૦૦ જેટલા મતથી પણ જીતી ગયા. લેઉવા પટેલ સમાજના જશુભાઈના પિતા પણ અહીંના ધારાસભ્ય રહ્યા છે. અમદાવાદની અમરાઈવાડી બેઠક પર બે પટેલોની ટક્કર હતી. કોંગ્રેસના ઉમેદવારથી સતત પાછળ ચાલતા રહેલા જગદીશ પટેલ છેલ્લાં બે રાઉન્ડમાં આગળ નીકળી જીત્યા. લુણાવાડાના અપક્ષ ધારાસભ્ય ભાજપમાં જોડાઈ ગયા અને લોકસભે જવાથી ખાલી પડેલી આ બેઠક પર ભાજપના એક બ્રાહ્મણ અને પક્ષના જૂના કાર્યકર જીગ્નેશ સેવક વિજયી બન્યા. આ વખતની ગુજરાતની પેટા ચૂંટણીમાં અડધો અડધ બેઠકો પર ભાજપના ઉમેદવારને હરાવીને પ્રજાએ પોતાનો મૂડ બતાવી દીધો. ભલે ભાજપનું મોવડીમંડળ છમાંથી છ બેઠકો જીતવાનો દાવો કરતું રહ્યું, પણ પ્રજાએ જે પરિણામો આપ્યાં એ હવે પ્રજાને ''ટેકન ફૉર ગ્રાન્ટેડ'' નહીં લેવાના સંકેત સમાન ગણાવી શકાય.

haridesai@gmail.com